# સુરત તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોની સ્વકાર્યસાધકતાનો અભ્યાસ

ડૉ. મેહાલી આર.દેસાઈ
આસી. પ્રોફેસર
સ્વામી નારાયણસ્વરૂપ બી. એડ્. કૉલેજ, અંકલેશ્વર

## ૧.પ્રસ્તાવના

શાળાકીય શિક્ષણ પ્રક્રિયાના સળ સંચાલનમાં સર્વાધિક મહત્વપૂર્ણ ભૂમિકા શિક્ષણ આપનાર શિક્ષકોની હોય છે. દરેક વિદ્યાર્થીને ગુણવત્તાયુકત શિક્ષણ પ્રાપ્ત થાય તથા તેમનો સર્વાંગી વિકાસ થાય તેની જવાબદારી નિષ્ઠાવાન શિક્ષકોની છે. દરેક વિદ્યાર્થીને શૈક્ષણિક સળતાનું ધ્યેય હાંસલ કરવામાં સૌથી વધુ મહત્વ ઘટક પરિબળ શિક્ષક છે. શિક્ષણ ગમે તે સ્વરૂપે આપવામાં આવે પરંતુ શિક્ષણનો ઉદ્દેશ વિદ્યાર્થીના માધ્યમ દ્વારા વ્યકિત, સમાજ અને રાષ્ટ્રના વિકાસનો છે.

માહિતી અને પ્રૌદ્યોગિકીના ઝડપી વિકાસે શિક્ષણમાં પણ આમૂલ પરિવર્તન લાવવાનું કાર્ય કર્યુ ત્યારે શિક્ષણની અવધારણા અત્યંત જટિલ, સંકુલ અને પડકારજનક બનતી જાય છે. જ્ઞાન, કૌશલ્યો, અભિવૃત્તિ, વલણો, મૂલ્યો વગેરે વ્યકિતના પાયાના આધારસ્તંભ છે જેની સંપ્રાપ્તિ, વિકાસ અને આવિષ્કરણની જવાબદારી માટેની પ્રતિબધ્ધતા શિક્ષકોમાં હોવી જોઈએ. અર્થાત સ્વ–કાર્યસાધકતા અને પ્રતિબધ્ધતા શિક્ષકનું કેન્દ્રવર્તી બિંદુ છે. શિક્ષકને આવશ્યક બધા જ પ્રકારની સગવડ આપવામાં આવે પરંતુ તેના વિનિયોગની સક્ષમતા કે કૌશલ્યની ઉણપના કારણે ઉપયોગ ન થવાથી શિક્ષણકાર્ય અસરકારક અને ગુણવત્તાયુકત બની શકતું નથી. તેથી શિક્ષકની સ્વ–કાર્યસાધકતા એ શિક્ષકના વ્યકિતત્વ પર અસર કરી શિક્ષણ અને શિક્ષકની જવાબદારીમાં પરિવર્તિત કરતી એ પ્રક્રિયા છે જેના માધ્યમથી શિક્ષણ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓની અંદર લક્ષ્ય સુધી પહોંચવાની જવાબદારીને બળ પ્રદાન કરે છે.

જ્ઞાનના વિસ્ફોટ સાથે શિક્ષકોની ભૂમિકા તથા જવાબદારીઓ વધુ સંકુલ અને વધુ પડકારજનક બનતી જાય છે. શિક્ષણમાં આવતા ઝડપી પરિવર્તનના સંદર્ભમાં નવા અભિગમો આત્મસાત કરવા, પ્રૌદ્યોગિકીનો શિક્ષણમાં વિનિયોગ કરવો, વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનો સામનો કરવો વગેરે અપેક્ષાઓના સંદર્ભમાં શિક્ષકોએ સામર્થ્ય, યોગ્યતા ક્ષમતા, પ્રબંધન, મૂલ્યાંકન સ્વનિયમનની ક્ષમતા કર્તવ્યનિષ્ઠા અને પાત્રતા કેળવવી અત્યંત જરૂરી છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે શિક્ષણનુ કાર્ય સરળ છે, પરંતુ ગંભીરતાપૂર્વક વિચારીએ તો જણાશે કે શિક્ષકોની ભૂમિકા અને જવાબદારીઓ વિશિષ્ટ અને વિભિન્ન પ્રકારની છે. વિદ્યાર્થીઓના બૈધ્ધિક, સામાજિક અને સાંવેગિક વિકાસ કરવા માટે શિક્ષક નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જેના

માટે શિક્ષકમાં સ્વ–કાર્યસાધકતા હોવી જરૂરી છે. બાન્દુરા (૧૯૯૫) એ શિક્ષકોમાં સ્વ–કાર્યસાધકતાનું મહત્વ સ્પષ્ટ કરતાં જણાવે છે કે શિક્ષકની સ્વ–કાર્યસાધકતા એ એક એવી શકિત છે જેના દ્વારા શિક્ષક આવી પડનારી પરિસ્થિતિઓનું આયોજન કરે છે અને હેતુ સિઘ્ધ કરવા માટે તેનું યોગ્ય સંચાલન કરે છે. આમ, શાળામાં શિક્ષણ તથા વિવિધ પ્રશાસનિક કાર્યો કરવા માટે શિક્ષકોમાં સ્વ–કાર્યસાધકતા હોવી જરૂરી છે.

## ૨.સમસ્યાકથન અને શીર્ષક

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નીચેની સમસ્યા વિધાન હેઠળ સશોધન કાર્ય હાથ ધર્યુ છે.

**સુરત તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોની સ્વકાર્યસાધકતાનો અભ્યાસ**

## ૩. શબ્દોનું પારિભાષિકરણ

પ્રસ્તુત સંશોધનમાં સમસ્યામાં નિર્દેશિત શબ્દોને સંશોધકે નીચે મુજબ વ્યાખ્યાયિત કર્યા છે.

### *૩.૧ માધ્યમિક શાળા*

ગુજરાત રાજય માઘ્યમિક શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમ પ્રમાણે ધોરણ ૯ થી ૧૦માં શિક્ષણ આપતી શાળાઓ. માઘ્યમિક શાળાએ પ્રાથમિક શાળાના સ્તર પછી અને ઉચ્ચતર માઘ્યમિક શાળાના સ્તર પહેલાં ૧૨ થી ૧૮ વર્ષની વય જૂથના વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી શાળાઓ.

### *૩.૨ માધ્યમિક શાળાના શિક્ષકો*

ગુજરાત રાજય માઘ્યમિક શિક્ષણ બોર્ડના નિયમો મુજબ માઘ્યમિક શાળાઓમાં નિમણૂક પામેલા અને સુરત તાલુકાની માઘ્યમિક શાળાઓમાં ૨જ બજાવતા શિક્ષકો તથા શિક્ષણ સહાયકો.

### *૩.૩ શિક્ષક સ્વ–કાર્યસાધકતા*

આગામી પરિસ્થિતિઓનું વ્યવસ્થાપન કરવા માટેની પ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન કરવાની પોતાની શકિતઓ અંગેની પોતાની માન્યતાઓ. –"બાન્દુરા (૧૯૯૫)"

## ૪. અભ્યાસના હેતુઓ

કોઈપણ કાર્ય હેતુ વગર સિઘ્ધ થઈ શકે નહીં. હેતુઓ નિર્ધારીત કર્યા પછી જ તેની સળતા માટેના પ્રયત્નો કરી શકાય. પ્રસ્તુત શોધકાર્ય માટે નીચે મુજબના હેતુઓ નિર્ધારીત કરવામાં આવ્યા છે

૧.માઘ્યમિક શાળાઓના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતા પર જાતિયતાના સંદર્ભમાં અભ્યાસ કરવો.

૨.માઘ્યમિક શાળાઓના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતા પર શાળાના વિસ્તારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

૩.માઘ્યમિક શાળાઓના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતા પર શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં અભ્યાસ કરવો.

૪.માધ્યમિક શાળાઓના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતા પર શાળાના પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ૫. અભ્યાસમાં સમાવિષ્ટ ચલ

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય ઉદ્દેશ પરતંત્ર ચલ સ્વ–કાર્યસાધકતાનો અભ્યાસ કરવાનો હતો, જયારે સ્વતંત્ર ચલો જેવા કે જાતિયતા, વિસ્તાર, શાળાનો પ્રકાર અને શૈક્ષણિક લાયકાત જેવા ચલોની કક્ષા વચ્ચેના સરાસરી પ્રાપ્તાંકોના તાવતનો અભ્યાસ સ્વ–કાર્યસાધકતાના સંદર્ભમાં કરવાનો હતો, તેથી નિમ્નાંકિત ચલો પસંદ કરવામાં આવ્યા હતા.

૧. સ્વતંત્ર ચલ
૨. પરતંત્ર ચલ

**સારણી ૧ અભ્યાસમાં સમાવિષ્ટ ચલ**

| ક્રમ | ચલ | કક્ષાના પ્રકાર | ચલના પ્રકાર |
|---|---|---|---|
| ૧ | જાતીયતા | સ્ત્રી | સ્વતંત્ર ચલ |
| | | પુરુષ | |
| ૨ | વિસ્તાર | ગ્રામીણ | સ્વતંત્ર ચલ |
| | | શહેરી | |
| ૩ | શૈક્ષણિક લાયકાત | સ્નાતક | સ્વતંત્ર ચલ |
| | | અનુસ્નાતક | |
| ૪ | શાળાનો પ્રકાર | અનુદાનિત | સ્વતંત્ર ચલ |
| | | ખાનગી | |
| ૫. | શિક્ષક સ્વ–કાર્યસાધકતા | – | પરતંત્ર ચલ |

## ૬.અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે શિક્ષકોની સ્વ–કાર્યસાધકતાના જુદા–જુદા ચલોની અસર માપવા માટે નીચે મુજબ શૂન્ય ઉત્કલ્પનાઓની રચના કરી છે.

$Ho_1$ શિક્ષક સ્વ–કાર્યસાધકતા માપદંડના કુલ પ્રાપ્તાંક પર પુરુષ શિક્ષકો તથા સ્ત્રી શિક્ષકોની સ્વ–કાર્યસાધકતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ શિક્ષક સ્વ–કાર્યસાધકતા માપદંડના કુલ પ્રાપ્તાંક પર ગ્રામીણ શાળાના શિક્ષકો તથા શહેરી શાળાના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$ શિક્ષક સ્વ–કાર્યસાધકતા માપદંડના કુલ પ્રાપ્તાંક પર સ્નાતક શિક્ષકો તથા અનુસ્નાતક શિક્ષકોની સ્વ–કાર્યસાધકતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$ શિક્ષક સ્વ–કાર્યસાધકતા માપદંડના કુલ પ્રાપ્તાંક પર અનુદાનિત શાળાના શિક્ષકો તથા ખાનગી શાળાના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.

## ૭. અભ્યાસનું મહત્ત્વ

૨૧મી સદી સુધીનો યુગ એ તકનીકી તથા માહિતીનો યુગ છે. આ સમયમાં માહિતીમાં સતત નાવીનીકરણ આવે છે તેટલા માટે બદલાતી રહે છે. આ બદલાતી જતી માહિતીના યુગમાં શિક્ષકે ગુણવત્તાભર્યું કાર્ય કરવા માટે સતત માહિતીથી પરિચિત અનિવાર્ય બની તેને વર્ગખંડમાં અસરકારક રીતે અમલીકરણ કરવું જરૂરી બને છે. આમ ગુણવત્તા યુકત શિક્ષણકાર્ય કરવા માટે શિક્ષકમાં વ્યાવસાયિક કાર્યસાધકતા હોવી અનિવાર્ય છે જેના થકી તે વર્ગખંડમાં વિવિધ વિષયવસ્તુ તથા માહિતીના સંદર્ભમાં યોગ્ય પ્રયુકિતઓ, પદ્ધતિઓ તથા અભિગમોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને સ્વ–અધ્યયન માટે પ્રેરણા પૂરી પાડી શકે છે.

આ ઉપરાંત શાળામાં શિક્ષણકાર્ય તથા અન્ય પ્રશાસનિક કાર્ય કરવા માટે શિક્ષકોમાં સ્વસૂઝ હોવી જરૂરી છે જે શિક્ષણની વ્યકિતગત સ્વ–કાર્યસાધકતા સાથે સંબંધ ધરાવે છે. વ્યકિતગત સ્વ–કાર્યસાધકતા દ્વારા શિક્ષક પોતાના શિક્ષણના કાર્યના તથા પ્રશાશનિક કાર્યના સંદર્ભમાં હેતુઓ સુનિશ્ચિત કરી કાર્યપ્રણાલી બનાવે છે તથા તેની અસરકારક સિધ્ધિ માટે પોતાની કાર્યસાધકતાનો ઉપયોગ કરે છે.

આ ઉપરાંત શિક્ષક એ સમાજ માટે જવાબદાર વ્યકિત છે. શિક્ષક સમાજમાંથી આવેલ વિદ્યાર્થીઓ, વાલી તથા અન્ય વ્યકિતઓ પ્રત્યે જવાબદાર હોય છે. આ જવાબદારી કેળવવા માટે શિક્ષકે સામાજિક સ્વ–કાર્યસાધકતા કેળવવી ઘટે છે. જેના દ્વારા શિક્ષક વિદ્યાર્થી તથા સમાજ વચ્ચેનો માધ્યમ બની શિક્ષણની ગુણવત્તામાં સમાજની અપેક્ષા તથા વિદ્યાર્થીઓની જરૂરિયાત ધ્યાનમાં રખી ગુણવત્તા સભર બનાવાનો પ્રયત્ન કરે છે.

માનવીય વિચારો કે જે માનવીય કાર્યો પર અસર કરે છે અને સમાજના જ્ઞાનાત્મક વિચારધારાઓના ઊંડાણમાં રહેલા છે તે સ્વ–કાર્યસાધકતા અંગેની માન્યતા છે. વ્યકિતઓ પોતાની કાર્યક્ષમતા અંગેના નિર્ણયો અને જરૂરિયાત પ્રમાણે કાર્યોના આયોજન અને અમલીકરણ માટે પોતાના દરજ્જા પ્રમાણે દેખાવ કરે છે. સ્વ–કાયસાધકતા અંગેની માન્યતાઓ, માનવીય પ્રેરણ, સારાપણું અને વ્યકિતગત પૂર્ણતા પ્રાપ્ત કરવા માટેનો મુખ્ય પાયો પુરો પાડે છે. કારણ કે જયાં સુધી લોકો સમજે કે  તેમના કાર્યો તેમની ઈચ્છાઓને ફળીભૂત કરી શકે અને સમસ્યાઓનો સામનો કરવામાં પ્રોત્સાહિત કરી શકે છે. બાન્દુરાના મતે સ્વ–કાર્યસાધકતા સામાન્ય રીતે દરેક પાસાઓને સ્પર્શે છે, જો તેઓ હળવાશને ખંખેરી ઉત્પાદકતા અંગે જેટલું આશાવાદી રીતે વિચારે તેટલું પોતાની જાતને સારી રીતે પ્રેરિત કરી શકે અને સમસ્યાઓમાં પોતાની જાતને સંભાળી શકે. જે વ્યકિતઓના જીવનમાં ચિંતા અને હતાશા છે તે પ્રત્યે તેમના હકારાત્મક અભિગમ માટે સ્વ–કાર્યસાધકતા મહત્ત્વનું પરિબળ છે.

## ૮. અભ્યાસની મર્યાદાઓ

કોઈપણ અભ્યાસ હાથ ધરતા પહેલાં સંશોધકે તેની મર્યાદાઓ જાણી લેવી જોઈએ. અભ્યાસને વધુ ધ્યેયલક્ષી, વધુ સ્પષ્ટ બનાવવા તેના કાર્યક્ષેત્રને વધુ સ્પષ્ટ કરવાની જરૂર રહે છે. પ્રસ્તુત અભ્યાસની મર્યાદાઓ નીચે મુજબ છે

૧. પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે કત સુરત તાલુકાની માધ્યમિક શાળાઓ પસંદ કરી છે.
૨. સુરત તાલુકાની શહેરી તથા ગ્રામ્ય શાળાઓ સહેતુક નમૂના પદ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવી છે.
૩. પ્રસ્તુત સંશોધનમાં અંગ્રેજી માધ્યમની શાળાઓમાં સમાવેશ કરવામાં આવેલ નથી.
૪. પ્રસ્તુત સંશોધનમાં સુરત તાલુકાના શિક્ષકોએ આપેલા પ્રતિચારોના આધારે માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરી તારણો તારવવામાં આવ્યા છે.
૫. પ્રસ્તુત સંશોધનમાં લખાણ, વાકય રચના, રજૂઆતની શૈલી કદાચ યોગ્ય ન હોય તો તે મર્યાદા સ્વીકરવામાં આવી છે.

## ૯. સંશોધન પ્રકાર, સંશોધન ક્ષેત્ર, સંશોધન પધ્ધતિ

### *૯.૧ સંશોધન પ્રકાર*

પ્રસ્તુત સંશોધનમાં સુરત તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતાનો અભ્યાસ કરવનો મુખ્ય હેતુ હોવાથી આ સંશોધનનો વ્યવહારમાં ઉપયોગ થતો હોવાથી વ્યાવહારિક પ્રકારનું સંશોધન છે.

### *૯.૨ સંશોધન ક્ષેત્ર*

પ્રસ્તુત સંશોધનમાં સુરત તાલુકાની માધ્યમિક શાળાઓના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતા અંગેના ખ્યાલો સાથે સંબંધિત હોવાથી તે શૈક્ષણિક મનોવિજ્ઞાનના ક્ષેત્ર સાથે સંકળાયેલું છે.

### *૯.૩ સંશોધન પદ્ધતિ*

અભ્યાસ માટેની પધ્ધતિનો આધાર અભ્યાસના વિષય ઉપર રહેલો છે અર્થાત સંશોધન પદ્ધતિ અને અભ્યાસના વિષયને સીધો સંબંધ છે. તેથી પ્રસ્તુત સંશોધનમાં સુરત તાલુકાની માધ્યમિક શાળાના શિક્ષકો પાસેથી માહિતીની પ્રાપ્તિ માટે સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૧૦. વ્યાપવિશ્વ અને નિદર્શ

### *૧૦.૧ વ્યાપવિશ્વ*

પ્રસ્તુત સંશોધનમાં સુરત તાલુકાની કુલ ૬૪ માધ્યમિક શાળાઓ લેવામાં આવી છે. જેમાં શિક્ષણકાર્ય કરાવતા શિક્ષકોની કુલ સંખ્યા ૬૮૫ છે. આમ, સુરત તાલુકાની માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨ – ૨૩માં શિક્ષણકાર્ય કરાવતા શિક્ષકો પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ છે.

## ૧૦.૧ નિદર્શ

પ્રસ્તુત સંશોધનમાં સહેતુક નમૂના પસંદગી પદ્ધતિ દ્વારા સુરત તાલુકાની માધ્યમિક શાળાઓની ચિઠ્ઠી ઉપાડીને પસંદગી કરવામાં આવી હતી. આ રીતે પસંદ થયેલી શાળાઓમાંથી ૧૯૭ શિક્ષકોને નિદર્શ તરીકે લેવામાં આવ્યા છે.

## ૧૧.સંશોધન ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં માહિતી એકત્રીકરણ માટે ધર્મેન્દ્ર વી. ભમાત દ્વારા રચવામાં આવેલ શિક્ષક સ્વ–કાર્યસાધકતાની વિશ્વસનીયતા તથા યથાર્થતા ધર્મેન્દ્ર વી. ભમાત દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવી હતી.

## ૧૨.અભ્યાસની ઉત્કલ્પનાઓની ચકાસણી

| ક્રમ | ઉત્કલ્પના | ક્રાંતિક ગુણોત્તર | સાર્થકતા કક્ષા | સ્વીકાર / અસવીકાર |
|---|---|---|---|---|
| ૧ | પુરુષ શિક્ષકો તથા સ્ત્રી શિક્ષકોની સ્વ–કાર્યસાધકતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તાવત નહિ હોય | ૪.૨૭૬ | ૦.૦૫ | અસ્વીકાર |
| ૨ | ગ્રામીણ શાળાના શિક્ષકો તથા શહેરી શાળાના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તાવત નહિ હોય | ૪.૮૩૨ | ૦.૦૫ | અસ્વીકાર |
| ૩ | સ્નાતક શિક્ષકો તથા અનુસ્નાતક શિક્ષકોની સ્વ–કાર્યસાધકતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તાવત નહિ હોય | ૦.૦૭૬ | ૦.૦૫ | સ્વીકાર |
| ૪ | અનુદાનિત શાળા શિક્ષકો તથા ખાનગી શાળાના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતાના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તાવત નહિ હોય | ૧.૫૬૦ | ૦.૦૫ | સ્વીકાર |

## ૧૩. સંશોધનનાં તારણો

૧. શિક્ષક સ્વ–કાર્યસાધકતાના સંદર્ભમાં પુરુષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકો વચ્ચે વચ્ચે સાર્થક તાવત જોવા મળે છે. સ્ત્રી શિક્ષકો પુરુષ શિક્ષકો કરતાં સાર્થક રીતે ૦.૦૫ કક્ષાએ ઊંચી સ્વ–કાર્યસાધકતા ધરાવે છે.
૨. શિક્ષક સ્વ–કાર્યસાધકતાના સંદર્ભમાં ગ્રામ્ય વિસ્તારની શાળાના શિક્ષકો કરતાં શહેરી વિસ્તારની શાળાના શિક્ષકો ૦.૦૫ કક્ષાએ સાર્થક રીતે ઊંચી સ્વ–કાર્યસાધકતા ધરાવે છે.
૩. શિક્ષક સ્વ–કાર્યસાધકતાના સંદર્ભમાં સ્નાતક શિક્ષકો તથા અનુસ્નાતક શિક્ષકો વચ્ચે સાર્થક તાવત જોવા મળેલ નથી.

૪. શિક્ષક સ્વ–કાર્યસાધકતાના સંદર્ભમાં અનુદાનિત શાળાના શિક્ષકો અને ખાનગી શાળાના શિક્ષકો વચ્ચે સાર્થક તાવત જોવા મળેલ નથી.

## ૧૪.સંશોધનની ભલામણો

૧.ગ્રામ્ય શાળાના શિક્ષકો કરતાં શહેરી શાળાના શિક્ષકોનો સ્વ–કાર્યસાધકતાના સંદર્ભમાં સરાસરી પ્રાપ્તાંક ૦.૦૫ કક્ષાએ સાર્થક રીતે ઊંચો જોવા મળ્યો, તેથી ગ્રામ્ય શાળાના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતા સુધારવા માટે આચાર્યશ્રીએ તેમની વ્યાવસાયિક વૃદ્ધિ માટે શિક્ષકોને વિવિધ તાલીમ કાર્યક્રમો તથા કાર્યશિબિરમાં મોકલવા જોઈએ.

૨.સ્ત્રી શિક્ષકોની જેમ પુરુષ શિક્ષકો પણ ઊંચી સ્વ–કાર્યસાધકતા વિકસાવે તે માટે શાળા સ્તરે પુરુષ શિક્ષકોને આચાર્ય દ્વારા પ્રેરણાત્મક ભાવાવરણનું નિર્માણ કરવું જોઈએ.

## ૧૫.ભાવિ સંશોધન માટેના સૂચનો

પ્રસ્તુત સંશોધનનો અભ્યાસ નમૂનાનું કદ અને ચલની મર્યાદાને ધ્યાનમાં રાખી કરવામાં આવેલ છે. આ મર્યાદાઓ, તારણો અને અનુભવને આધારે નીચે મુજબ આનુસાંગિક સંશોધનો હાથ ધરી શકાય.

૧. પ્રસ્તુત સંશોધન સુરત તાલુકાની માધ્યમિક શાળાના ૧૯૭ શિક્ષકો પર હાથ ધરવામાં આવેલ છે. ગુજરાત રાજયના માધ્યમિક શાળાના શિક્ષકો પર પણ હાથ ધરી શકાય અને સ્વ–કાર્યસાધકતાને વધુ સારી રીતે સમજી શકાય.

૨. પ્રસ્તુત સંશોધન માધ્યમિક શાળાના શિક્ષકો પર હાથ ધરવામાં આવેલ છે પરંતુ પ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો પર હાથ ધરી શકાય અને એ રીતે શિક્ષણના દરેક સ્તરના શિક્ષકોની પ્રસ્તુતતાને ત્રણેય ચલોના સંદર્ભમાં વિવેચનાત્મક રીતે જાણી શકાય.

૩. પ્રસ્તુત સંશોધનમાં સ્નાતક અને અનુસ્નાતક શિક્ષકોને નિદર્શ તરીકે સામેલ કરવામાં આવેલ છે. સ્નાતક અને અનુસ્નાતક શિક્ષકો શૈક્ષણિક વિષયો ભણાવતા હોય છે. તેથી શિક્ષકોની સ્વ–કાર્યસાધકતા પર અભ્યાસ હાથ ધરી શકાય.

૪. ખાનગી શાળાના શિક્ષકોની સ્વકાર્યસાધકતા અને અનુદાનિત શાળાના શિક્ષકોની સ્વ–કાર્યસાધકતા પર શિક્ષકોના પ્રભાવનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

## સંદર્ભસૂચિ

૧. અંધારિયા, રવીન્દ્ર (૨૦૦૪). અધ્યપન, અધ્યાપનનું મનોવિજ્ઞાન. અમદાવાદ વારિષેણ પ્રકાશન.

૨. આચાર્ય, મોહિની (૨૦૦૮). શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર અમદાવાદ અક્ષર પબ્લિકેશન.

૩. ઉચાટ, ડી.એ. અને અન્યો (૧૯૯૮). "અધ્યાપન પ્રયોગો" શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. પ્રથમ આવૃત્તિ, (૧૯૮૨)

૪. દેસાઈ, કૃષ્ણકાંત અને દેસાઈ હરિભાઈ,(૧૯૯૭). "સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ" યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ છઠ્ઠી આવૃત્તિ.

૫. દોંગા, નનુભાઈ એસ (૨૦૦૪). અધ્યયન, અધ્યાપન અને વિકાસનું મનોવિજ્ઞાન. અમદાવાદ નીરવ પ્રકાશન.
૬. પરીખ, બી.એ. (૧૯૭૪).મનોવિજ્ઞાનના સંપ્રદાયો અને સિદ્ધાંતો. અમદાવાદ જય પબ્લિકેશ.
૭. પેટર, આર. એસ. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન માટે આંકડાશાસ્ત્ર પદ્ધતિઓ. દ્વિતીય આવૃત્તિ અમદાવાદ જય પબ્લિકેશન.
૮. ભટ્ટ, કુસુમબેન (૧૯૬૬). વ્યકિતત્વના સિદ્ધાંતો બીજી આવૃત્તિ અમદાવાદ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
૯. શાહ, દીપિકા બી. (૨૦૦૪). શૈક્ષણિક સંશોધન અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, પ્રથમ આવૃત્તિ.